સશિ૫/ફેબ્રુ૦૨/૩૦૦

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ
## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] રવિવાર, ૨૪ ફેબ્રુઆરી, ૨૦૦૨ કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. શ્રીહરિનો જગન્નાથજીની મૂર્તિમાં પ્રવેશ અને તેનો સિદ્ધાંત.
૨. દેહને પોતાનું સ્વરૂપ માનવું નહીં અને દેહના સંબંધીને પોતાના સંબંધી માનવા નહીં - શ્રીહરિનો દૃષ્ટાંત સભર સંદેશ.
૩. મોક્ષના કામમાં આવે તેનું નામ બુદ્ધિ - વચ. પંચાળા ૩ ના સંદર્ભે.
૪. વચ. ગઢડા પ્ર.૨૭ પ્રમાણે - પરમેશ્વર ભજ્યાની સાચી સમજણ.
૫. વચ. પંચાળા ૭ મુજબ પરિપકવ નિષ્ઠા.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. ત્યારે પણ એવા મર્મના ......................... ફેર સમજતા નથી.
૨. જેમ ભૂંડાને યોગે ........................... ઉત્તમ થાય છે.
૩. જેને ભગવાન વિષે .................. એને માથે હુકમ નથી.
૪. અને જેમ નેત્રે કરીને ...................... અતિશય અજ્ઞાની છે.
૫. અને જેને એવું સાધુપણું ................. લેશ માત્ર નથી.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના 'વચનામૃત'નો ક્રમાંક નોંધી બે અવતરણો લખો :** ૪

૧. એકાંતિક ભક્ત
૨. આત્મનિષ્ઠા

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૫

૧. મુક્તાનંદ સ્વામીની અંતર્વૃત્તિ કેવી હતી ?





૨. સત્સંગ થયો ક્યારે જાણવું ?
૩. ભગવાનના સ્વરૂપને નિરાકાર જાણનારાની ગતિ ?
૪. શિવલાલને શ્રીહરિની સર્વોપરીતા સમજાવવા સ્વામીએ કયા બે વચનામૃત વંચાવ્યાં ?
૫. મહારાજને મોટા સંતનો હૃદ્‌ગત અભિપ્રાય ક્યારે જાણ્યો કહેવાય ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગા પૂરો.** ૫

૧. સત્પુરુષમાં જીવ બાંધ્યો હોય પણ તેનો ........................... ન આવે. (અભાવ, વિશ્વાસ, કેફ)
૨. આપણને .................. મળ્યું છે તે વિના બીજું સુખ ઇચ્છવું નહીં. (આત્મજ્ઞાન, ભગવાનનું સ્વરૂપ, અક્ષરધામ)
૩. આ વાતો તો ...................... ની છે. (અક્ષરધામની, ભગવાનમાં જોડાવાની, માયા પારની)
૪. જેટલું ............ છે તેટલો જ કુસંગ છે. (દેહાભિમાન, માયાનું બળ, અજ્ઞાન)
૫. આપણે .................... થયા વિના પુરુષોત્તમ પધરાવશું ક્યાં ? (બ્રહ્મરૂપ, એકાંતિક, નિર્દોષ)

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો** ૧૦

૧. શિવલાલ શેઠને 'અડધા સત્સંગ' પર સ્વામીની ટકોર.
૨. સ્વામીની કલ્યાણ ભાવના.
૩. શ્રીહરિની સર્વોપરીતા.

**('બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવન ચરિત્રના આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. ભગતજી અને યજ્ઞપુરુષદાસનો પરસ્પર પ્રીતિ સંબંધ
૨. સ્થિતપ્રજ્ઞ મહાપુરુષ ભગતજી મહારાજ
૩. સેવામૂર્તિ પ્રાગજી ભક્ત

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** ૨૦

૧. ડભાણના બંડમાં ભગતજીએ રાખેલો પક્ષ
૨. વિજ્ઞાનદાસ સ્વામી અને ભગતજી મહારાજ
૩. વડતાલના મોવડીઓ ઉપર ભગતજીનો પ્રભાવ
૪. સાધુનો કસબ

✿ ✿ ✿